રમાડ ગામમાં શ્રમદાનથી બનેલ ચેકડેમમાં ગાબડું પડતા સમારકામ

મેઘરજ તાલુકાના રમાડ ગામે પસાર થતી વાત્રક નદી પર ગ્રામજનોએ ઉનાળામાં પાણીની તંગી નિવારી શકાય તથા ગ્રામજનોએ પીવાના પાણી માટે અને પશુઓ માટે પાણી મેળવવા

કરવો પડતો રઝળપાટ પગલે જવાબદાર તંત્રના વારંવાર રજુઆત કરવા છતાં ચેકડેમ બનાવવા માટે આંખ આડે કામ કરતા ગામલોકોએ સરકાર પર નિર્ભર રહેવાના બદલે જાત મહેનત જિંદાબાદના નારા સાથે ૨૧ જૂન ૨૦૧૮થી શ્રમદાન થકી વિવિધ સેવાકીય સંસ્થાઓની મદદથી ચેકડેમ નિર્માણનું કાર્ય શરુ કરતા સરકારી તંત્ર હરકતમાં આવ્યું હતું. મદદ કરવાને બદલે વાંધા રજુ કરવા છતાં લોકોએ ચેકડેમ બનાવવું ચાલુ રાખી હતી. પરંતુ ઉપરવાસમાં વરસાદના વાત્રક નદીમાં પૂર આવતા ચેકડેમનું કામ અધૂરું રહેતા અને ચેકડેમમાં ગાબડું પડતા વરસાદે વિરામ લેતા ગામ લોકોએ "હમ હોંગે કામિયાબ એક દિન" જેમ ફરીથી ચેકડેમનું કામકાજ શરુ કરી ઝડપથી પૂર્ણ કરવા ગામલોકો તનતોડ મહેનત અને શ્રમદાન કરી રહ્યા છે. બીજીબાજુ જવાબદાર તંત્ર કે સરકાર દ્વારા ચેકડેમ બનાવવા મદદ ન મળતા લોકોમાં ઉગ્ર રોષ વ્યાપ્યો છે.

છત્તીસગઢમાં ૧૬થી વધારે નક્સલી અથડામણમાં ઠાર

સુરક્ષા દળોને ખુબ મોટી સફળતા હાથ લાગી : અન્ય ચાર નક્સલીની ધરપકડ : ૨૫થી વધુ નક્સલીઓ છુપાયા હોવાની બાતમી મળ્યા બાદથી સફળ ઓપરેશન

સુકમા,તા. ૬

છત્તીસગઢના સુકમામાં સુરક્ષા દળોને વધુ એક મોટી સફળતા હાથ લાગી છે. સુરક્ષા દળો સાથેની અથડામણમાં ૧૬ નક્સલીઓ ઠાર મરાયા છે. આ ઉપરાંત ચાર નક્સલીઓની ધરપકડ પણ કરી લેવામાં આવી છે. સુરક્ષા દળોની તાજેતરના વર્ષોની સૌથી મોટી સફળતા તરીકે આને ગણવામાં આવે છે. હથિયારોનો જથ્થો પણ જપ્ત કરવામાં આવ્યો છે. ઘેરાબંધી કરીને સુરક્ષા દળોએ ઓપરેશન હાથ ધર્યું હતું. નક્સલીઓની પાસેથી હથિયારો પણ મળી આવ્યા છે. પોલીસ નાયબ નિર્દેશક (નક્સલ વિરોધી ઓપરેશન) સુંદરરાજે કહ્યું છે કે, રાયપુરથી આશરે ૫૦૦ કિલોમીટરના અંતરે દક્ષિણી સુકમાના વન્ય વિસ્તારમાંઆ અથડામણ આજે વહેલી સવારે થઇ હતી. હજુ સુધી ૧૬ નક્સલીઓના મૃતદેહ મળી આવ્યા છે. હથિયારો પણ જપ્ત કરવામાં આવ્યા છે. એન્ટી નક્સલ ઓપરેશનમાં સ્પેશિયલ ડીજીએ માહિતી આપતા કહ્યું હતું કે, ૧૬ નક્સલવાદીઓને મોતને ઘાટ ઉતારી દેવામાં આવ્યા છે. એરિયા કમિટિ મેમ્બરને પણ પકડી લેવામાં આવી છે. મહિલા નક્સલીની સાથે તેની ધરપકડ કરવામાં આવી છે. એસીએમ પર પાંચ લાખ રૂપિયાનું ઇનામ હતું. એરિયા કમિટિ મેમ્બર નક્સલીઓના ખુબ ખતરનાક હોય છે. તેમણે વિગત આપતા કહ્યું હતું કે, કેમ્પમાં ૨૦થી ૨૫ નક્સલીઓ છુપાયા હોવાની માહિતી મળી હતી. ત્યારબાદ આ ઓપરેશન હાથ ધરવામાં આવ્યું હતું. સુકમાના આંતરિક વિસ્તારોમાં હજુ પણ એક મોટુ ઓપરેશન ચાલી રહ્યું છે. રવિવારના દિવસે ઓપરેશન શરૂ કરવામાં આવ્યા બાદથી આજે પણ આ ઓપરેશન જારી રહ્યું હતું. આ પહેલા છત્તીસગઢના બીજાપુરમાં નક્સલવાદીઓ અને સુરક્ષા કર્મીઓ વચ્ચે અથડામણ થઇ હતી જેમાં એક નક્સલી ઠાર થયો હતો. બે પોલીસ કર્મીઓ ઘાયલ થયા હતા. આ અથડામણ ત્રીજી ઓગસ્ટના દિવસે થઇ હતી.

ઈન્ડોનેશિયા ભૂકંપ : આફટર શોક્સનો દોર જારી રહેતા દહેશત

મૃત્યુ આંક ૯૬ થયો : ઘાયલ થયેલા સેંકડો લોકો પૈકીના અનેકની હાલત ગંભીર હોવાથી મોતનો આંક વધી શકે : સુનામીની ચેતવણી રદ

જાકાર્તા,તા. ૬

ઈન્ડોનેશિયના દ્વિપ લોમબોકમાં આવેલા વિનાશકારી ધરતીકંપમાં મોતનો આંકડો ઝડપથી વધી રહ્યો છે. આજે મોતનો આંકડો વધીને ૯૬ ઉપર પહોંચી ગયો હતો. જ્યારે ઘાયલ થયેલા લોકોની સંખ્યા સેંકડોમાં પહોંચી ગઈ છે. ઘાયલ થયેલા લોકો પૈકી કેટલાકની હાલત હજુ પણ ગંભીર બનેલી છે. બચાવ અને રાહત કામગીરી યુદ્ધના ધોરણે ચાલી રહી છે. કાટમાળને દુર કરવાની કામગીરી હજુ પણ ચાલી રહી છે. જો કે સુનામીની ચેતવણી હવે રદ કરવામાં આવી ચુકી છે. આફ્ટરશોક્સનો દોર જારી હોવાથી લોકોમાં દહેશત અકબંધ રહી છે.ઈન્ડોનેશિયાના લોમબાક દ્વિપમાં ગઈકાલે પ્રચંડ ભૂકંપનો આંચકો અનુભવાયો હતો. જેના કારણે ભારે તબાહી થઈ છે. રિકટર સ્કેલ ઉપર ભૂકંપની તીવ્રતા સાતથી વધુ હોવાનું પણ જાણવા મળ્યુ છે. ભૂકંપનો આંચકો આવ્યા બાદ સુનામીની ચેતવણી પણ જારી કરવામાં આવી હતી જો કે આજે સવારે આચેતવણી રદ કરવામાં આવ્યા બાદ લોકોની દહેશત કેટલાક અંશે દુર થઈ હતી. ભૂકંપનું કેન્દ્ર જમીનથી ૧૦ કિલોમીટર અંદર હતુ. જેથી વધારે નુકસાન ટળી ગયુ છે. એક સપ્તાહની અંદર જ બીજી વખત ભૂકંપનો

આંચકો આવ્યો છે. સપ્તાહ પહેલા જ અહીં ભૂંકપમાં ૧૭ લોકોના મોત થઈ ગયા હતા અને મોટી સંખ્યામાં લોકો ઘાયલ થયા હતા. ભૂકંપ બાદ સુનામીની ચેતવણી જારી કરવામાં આવી હતી. લોકોને દરિયાથી દુર રહેવા માટે કહેવામાં આવ્યું હતું. સુરક્ષિત સ્થળોએ ખસી જવા માટે કહેવામાં આવ્યું હતું. ઉંચાણવાળા વિસ્તારો પર જતા રહેવા કહેવામાં આવ્યું હતું. દહેશતમાં ન રહેવા માટે પણ કહેવામાં આવ્યું હતું. લામબાકના નિવાસીઓએ ક્યું હતું કે આંચકો એટલો પ્રચંડ હતો કે લોકો ઘરમાંથી બહાર દોડી ગયા હતા. લોકોમાં ભારે દહેશત દેખાઈ રહી હતી. એક સપ્તાહ પહેલા જ ૬.૪ની તીવ્રતાનો આંચકો આવ્યો હતો. જેમાં ૧૭ લોકોના મોત થયા હતા. સેંકડો ઈમારતોને નુકસાન થયું હતું. ઈન્ડોનેશિયા વિશ્વમાં એકમાત્ર એવો દેશ છે જે રીંગ ઓફ ફાયર ઉપર સ્થિત છે. જ્યાં કુદરતી હોનારતોની સંભાવના સૌથી વધારે રહે છે.

શામળાજી પોલીસ સ્ટેશન હદમાંથી ચોરાયેલ વિદેશી દારૂ પ્રકરણમાં એલસીબી પોલીસે ૨ આરોપી ઝબ્બે

શામળાજી, તા. ૬

શામળાજી પોલીસે પ્રોહિબિશન એક્ટ હેઠળ જપ્ત કરેલો વિદેશી દારૂના

કન્ટેનરમાંથી ૭.૭૫ લાખનો અધધ વિદેશી દારૂ ચોરી પ્રકરણમાં અરવલ્લી જીલ્લા પોલીસતંત્રના માથે માછલાં ધોવાયા હતા અને શામળાજી પીએસઆઈ ચૌહાણનો ભોગ પણ લેવાયો હતો. જીલ્લા પોલીસવડા મયુર પાટીલે ચાર્જ સાભળતાના થોડાક જ કલાકો બનેલી ઘટનામાં ૧૦ અલગ અલગ ટિમો બનાવી આરોપીઓને ઝડપી પાડવા શખ્ત કાર્યવાહીની સૂચના મળતા જીલ્લા પોલીસતંત્રની વિવિધ ટીમોએ બાતમીદારો કામે લગાવી શોધખોળ હાથ ધરવા છતાં આરોપીઓ પકડથી દૂર રહેતા જીલ્લા એલસીબી પોલીસે ૨ આરોપીઓને દબોચવામાં સફળતા મળી હતી. જીલ્લા પોલીસવડાએ પ્રેસ કોન્ફરન્સમાં ગણેશ નામનો બુટલેગર મુખ્ય સૂત્રધાર હોવાનું જણાવ્યું હતું જે હજુ સુધી પકડથી દૂર રહેતા પોલીસતંત્ર હજુ અંધારામાં તિર ચલાવતી હોય તેવી કામગીરી સામે અનેક સવાલ પેદા થયા છે.

અરવલ્લી જીલ્લા એલસીબી પોલીસના પીઆઈ એન.કે. રબારી અને તેમની ટીમે બાતમીદારોને કામે લગાડી બાતમીના આધારે છાપો મારી શામળાજી પોલીસ સ્ટેશન હદમાંથી કન્ટેનરમાંથી વિદેશી દારૂની લૂંટમાં સંડોવાયેલ મનોજકુમાર ઉર્ફે ડુંગો રમેશ ડામોર (રહે.અંકુર સોસાયટી,મોકરોડા, ભિલોડા, મૂળ રહે. જેસીંગપુર) તથા સ્ટીવન તીમોથીભાઈ ડામોર (રહે, જેસીંગપુર, તા. ભિલોડા)ને ઝડપી પાડી જેલના સળિયા પાછળ ધકેલી દઈ વિદેશી દારૂ પ્રકરણના મુખ્ય સૂત્રધાર ગણેશ નામના શખ્સને દબોચવા તપાસ ચલાવી રહ્યા છે.

મોડાસા ડેપો દ્વારા મેટ્રોલીંક ગાડીઓનો અંધેર વહીવટ

મોડાસા, તા. ૬

રાજ્ય સરકાર દ્વારા જનતાને એસ.ટી. બસની મુસાફરી માટે તકલીફ ન પડે તે માટે એસ.ટી.ની સેવા વધારવામાં આવેલ છે. હમણાં જિલ્લાની વિભાગીય કચેરી ખાતે મેટ્રોલીંક ગાડીઓ તમામ ડેપોમાં મોકલી દેવાઈ છે. મોડાસા ડેપોમાં પણ જરૂરિયાતવાળા વિસ્તારમાં ગાડીઓ ત્રણ ફેરા ફરવા માટેના આદેશ થઈ ગયા છે. પરંતુ હાલમાં માત્ર મોડાસા ડેપો દ્વારા મેઘરજ માલપુરની ત્રણ ટ્રીપ મારવામાં આવે છે. જ્યારે હજુ બીજી ગાડીઓ જેમકે મોડાસાથી મેઘરજ થઈ નારણપુર-ઈસરી-છીટાદરા-ઢેંકવા-કદવાડી-જામગઢ-સારંગપુર અને કાલીયાકૂવા જેવા અગત્યના અને વધારે આવક આવે તેવા રૂટ ઉપર બસો મોકલવા મોડાસાના વહીવટ દ્વારા મનસ્વી વર્તન ચાલે છે.

અહીં ડેપો મેનેજર પોતાના એટીએસના ઈશારાથી ચાલે છે. જેથી એટીએસને જ્યાં બસ મોકલવી હોય ત્યાં મોકલે તેવુ જણાય છે. આ અંગે વિભાગીય નિયામકશ્રી હિંમતનગરને પણ જણાવવામાં આવેલ છે. રેલ્લાવાડા અને ઈસરી વિભાગમાંથી બસો ૧૬૫ મુસાફરો લઈને આવે છે. જે તે રૂટના પાસ જોવામાં આવે અથવા મોડાસાથી બે કિ.મી. સાયરા જઈને બસને જોવામાં આવે તો ખ્યાલ આવે કે આ તો માણસો છે કે ઘેટાંબકરાં. આવી હાલતમાં મુસાફરી કરવી જોખમી છે. જેથી વધારાની મેટ્રોલીંક ગાડી ઈસરી, ઢાંકવા-જામગઢ શરૂ થાય તેવી માંગણી છે.

પોલીસ ફરિયાદ લેતી ન હોવાની રાવ

માનપુરીયાના અપહૃત યુવકના પરિવારજનોએ કલેકટર સમક્ષ લગાવી ન્યાયની ગુહાર

અમીરગઢ તાલુકાના માનપુરીયા ગામના યુવકના અપહરણ મામલે પોલીસ ફરિયાદ લેતી ન હોવાના આક્ષેપો સાથે તેના

પરિવારજનો પાલનપુર દોડી આવ્યા હતા. જ્યાં તેઓએ કલેક્ટર સમક્ષ ન્યાયની ગુહાર લગાવી હતી.

અમીરગઢ તાલુકાના માનપુરીયા ગામની દૂધ મંડળીના વહીવટને લઈને વિવાદ ચાલતો હતો. જે અંગે ગામના જ યુવાન દરજાભાઈ ચતરાભાઈ રબારીને દૂધ મંડળીના મંત્રી સાથે તકરાર થઈ હતી. ત્યારે દૂધ મંડળીના મંત્રી સહિતના આરોપીઓએ દરજાભાઈ રબારીનું અપહરણ કર્યું હોવાનું તેના પરિવારજનો જણાવી રહ્યા છે. જોકે, ૫ દિવસ થવા છતાં અમીરગઢ પોલીસ ફરિયાદ ન લેતા પરિવારજનો પાલનપુર દોડી આવ્યા હતા.

પાલનપુર ખાતે ડી.એસ.પી.ને રજુઆત કર્યા બાદ પણ કોઈ કાર્યવાહી ન થતા તેઓ કલેક્ટર કચેરીએ દોડી આવ્યા હતા. જ્યાં તેઓએ ન્યાયની ગુહાર લગાવી હતી. અને ન્યાય નહીં મળે તો અપહર્તની પત્નીએ આત્મ વિલોપન કરવાની ચીમકી ઉચ્ચારી હતી. આમ, એક યુવક ૫ દિવસથી ગુમ છે. તેની કોઈ ભાળ મળી રહી નથી. ત્યારે અપહર્ત યુવકના ત્રણ બાળકો અને પત્ની સહિત અપંગ પિતા સાથેના પરિવારજનોએ પોલીસ સહિત પ્રશાશન પર ફિટકારની લાગણી વરસાવી હતી.

માત્ર 'આઈડિયાઝ' નહીં, ભારતને 'સ્ટાર્ટ-અપ્સ' દ્વારા 'ઓપોર્ચ્યુનિટિઝ'ની ભૂમિ પણ બનાવવી છે !

ગણપત યુનિવર્સિટીના આંગણે યોજાયો "વાઈબ્રન્ટ ગુજરાત સ્ટાર્ટ-અપ સમિટ-૨૦૧૮"નો રોડ-શો

ગણપતવિદ્યાનગર, તા. ૬

ગુજરાત સરકાર દ્વારા દર બે વર્ષે યોજાતા વાઈબ્રન્ટ સમીટના આગામી આયોજન પહેલા કેટલાક આગોતરા આયોજન પણ થતા

હોય છે, એવા જ એક ઉપક્રમ રૂપે ગણપત યુનિવર્સિટીના આંગણે ગઈ તા. ત્રીજી ઓગષ્ટના રોજ 'વાઈબ્રન્ટ ગુજરાત સ્ટાર્ટ-અપ સમીટ-૨૦૧૮નો એક રોડ શૉ યોજાયો હતો.

આ રોડ શૉનું આયોજન ગણપત યુનિવર્સિટીના સ્ટાર્ટ-અપ ઈનક્યુલેશન સેન્ટર દ્વારા કરવામાં આવ્યું હતું અને આઈ-કિએટ, ફિક્કી, ઈન્ડેક્ષ-ટીબી, જીઆઈડીસી, જેસિયા, નાસ્કોમ, એઈમ અને ઈન્વેસ્ટ ઈન્ડિયા જેવી સંસ્થાઓનો એમાં સહયોગ સાંપડ્યો હતો.

૬૫૦ જેટલાં વિદ્યાર્થીઓ, યુનિ.ના અધ્યાપકો, સંશોધકો અને યુનિ. સાથે જોડાયેલા ૧૨ જેટલાં એક્ટિવ સ્ટાર્ટ-અપ્સના યુવાન સાહસિકોની ઉપસ્થિતિમાં યોજાયેલા આ રોડ-શૉમાં ગણપત યુનિ.ના ડાયરેક્ટર જનરલ પ્રો. ડૉ. મહેન્દ્ર શર્મા, પ્રો. વીસી પ્રો. ડૉ. આર.કે. પટેલ, રજિસ્ટ્રાર ડૉ. અમિત પટેલ, સ્ટાર્ટ-અપ ઈમક્યુલેશન સેન્ટરના વડા પ્રો. સૌરભ દવે ઉપરાંત આઈક્રિએટના સ્ટ્રેટેજિક એલાયન્સીઝ હેડ શ્રીમતી અનુપમા રાઠોડ, ભદ્રેશ દાસ અને પાયલ પટેલ સહિત અનેક મહેમાન મહાનુભાવો પણ ઉપસ્થિત રહ્યા હતા.

ગણપત યુનિ.ના ડાયરેક્ટર જનરલ પ્રો. ડૉ. મહેન્દ્ર શર્માએ સમારોહના અધ્યક્ષસ્થાને કિ-નોટ સ્પિકર તરીકે જણાવ્યુ હતુ કે દેશમાં પરિવર્તન આવે ત્યારે એનો પહેલો અનુભવ યુવાનો દ્વારા થાય છે. આપણે ત્યાં પણ નવા ભારતના નિર્માણમાં યુવાનોએ જ લીંડ લેવી એવું વડાપ્રધાન નરેન્દ્ર મોદી સાહેબનું વિઝન છે.

પ્રાંતિજના સીતવાડા પાસેથી દેશી બનાવટની બંદુક સાથે વિજાપુરનો ઈસમ ઝડપાયો

પ્રાંતિજ, તા. ૬

સાબરકાંઠા જિલ્લાનાં પ્રાંતિજના સીતવાડા પાસે આવેલ સાબરમતી નદીમાંની કોતરોમાં ઝુંપડી બનાવી રહેતા વિજાપુરના ઈસમ પાસેથી પ્રાંતિજ પોલીસે વગરપાસ પરમીટની દેશી બનાવટની બંદુક સાથે ઈસમની અટકાયત કરી.

બાતમીના આધારે સીતવાડા ગામની સીમમાં સાબરમતીનદીના કોતરમાં મોવડીયા સામે રહેતો અલ્તાફ ઉર્ફે ટીનો અલ્લાઉદ્દીન સિંધી (ડફેર) પોતાની પાસે લાઈસન્સ વગરની બંદુક રાખે છે જે બાતમી આધારે પ્રાંતિજ પોલીસ સીતવાડા ગામની સીમમાં આવેલ સાબરમતી નદી તરફ જવાના રસ્તે કોતર પાસે મોવડીયા નજીક આવતાં એક ટેકરા ઉપર બે ઝુંપડા જણાતાં ચારેય બાજુથી કોર્ડન કરી એક ઝુંપડા પાસે જતાં સદર ઝુંપડામાં એક ઈસમ હાજર હોઈ અલ્તાફ ઉર્ફે ટીનો અલ્લાઉદ્દીન સિંધી ઉવ.૨૮ રહે. સીતવાડા ગામની સીમ સાબરમતી નદીના કોતરમાં મોવડીયા સામે તા. પ્રાંતિજ મુળ રહે. ખત્રી કુવા પશુ દવાખાના પાસે, વિજાપુર તા. વિજાપુર જી. મહેસાણાનો હોવાનું જણાવતો હોઈ તેની ઝુંપડામાં ઝડતી તપાસ કરતાં ઝુંપડામાં એક બાજુ ખુણામાં

ગાભાની ગોદડીઓ મુકેલ હોઈ જે ગોદડીઓ ઉંચકી જોતાં તેમાંથી એક સીંગલ બેરલની દેશી હાથ બનાવટની લાકડાના હાથાવાળી દેશી મજલ લોડ બંદુક મળી આવેલ અને સદરી ઈસમ અલ્તાફ પાસે પોતાના કબજામાં બંદુક રાખવા બદલનું પાસ પરમીટ માંગતા પોતાની પાસે નહીં હોવાનું કહેતા વિજાપુરના ઈસમની દેશી બનાવટની બંદુક સાથે અટકાયત કરી પ્રાંતિજ પોલીસે આગળની કાર્યવાહી હાથ ધરવામાં આવી હતી.

પાલનપુરમાં અલગ-અલગ બે સ્થળોએ જુગાર રમતાં ૧૪ શકુનિઓ ઝડપાયા

પોલીસે રૂપિયા ૪.૨૫ લાખનો મુદ્દામાલ કબ્જે લીધો

પાલનપુરમાં હાઉસીંગબોર્ડની સામે જીપડાલામાં તેમજ અમદાવાદ હાઈવે નજીક જુગાર રમાતો હોવાની બાતમીના આધારે પોલીસે રવિવારે રાત્રે ઓચિંતો છાપો માર્યો હતો. જ્યાં જુગાર રમતાં ૧૪ જુગારીઓને ઝડપી લીધા હતા. જેમની પાસેથી રોકડ રકમ, વાહનો, મોબાઈલ ફોન સહિત રૂપિયા ૪.૨૫ લાખનો મુદ્દામાલ કબ્જે લેવામાં આવ્યો હતો.

પાલનપુર ખાતે હાઉસીંગબોર્ડની સામે જીપડાલા નં. જીજે. ૦૨. ઝેડ. ૬૯૮૩માં જુગાર રમાતો હોવાની પૂર્વ પોલીસ મથકના અ. હે. કો. રઘુવીરસિંહને બાતમી મળતાં પીઆઈની સૂચનાથી ઓચિંતો છાપો માર્યો હતો. જ્યાં જુગાર રમતાં નવ શખ્સોને ઝડપી લીધા હતા. જેમની પાસેથી રૂપિયા ૧૦,૦૯૦ રોકડા, રૂપિયા ૪૫૦૦ના મોબાઈલ ફોન નંગ ૭, ૪,૦૦,૦૦૦નું જીપડાલુ મળી કુલ રૂપિયા ૪,૧૪,૬૯૦નો મુદ્દામાલ કબ્જે લીધો હતો. જ્યારે પશ્ચિમ પોલીસની ટીમે અમદાવાદ હાઈવે નજીક એકતાનગર સોસાયટીના નાકામાં જુગાર રમતાં પાંચ શખ્સોને ઝડપી લીધા હતા. જેમની પાસેથી રોકડા રૂપિયા ૧૧૫૨૦નો મદ્દામાલ કબ્જે લીધો હતો. આ અંગે તમામની સામે ગૂનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરવામાં આવી છે.

જીપડાલામાં જુગાર રમતાં ઝડપાયેલા શખ્સો

- મુસ્તકીન ઈસુબભાઈ જાલોરી, ઈનાયતખાન ઉસ્માનખાન નાગોરી, મુજ્જબીન યુસુબભાઈ જાલોરી, પરવેજભાઈ સમશેરભાઈ પઠાણ, જાવેદ ઈસ્માઈલભાઈ છુવારા, મહેશકુમાર કલાજી રાવળ, ઈર્શાદ ઉર્ફે સલમાન યુસુબભાઈ જાલોરી, નીજામ હુસૈનભાઈ ચૌહાણ, અબજલખાન ઈબ્રાહિમખાન મોગલ (રહે. (તમામ સિધ્ધપુર નવાવાસ)

અમદાવાદ હાઇવે નજીકથી ઝડપાયેલા જુગારી

- હિંમતલાલ ખીમજીભાઈ જાદવ (રહે. પાલનપુર), અનીલભાઈ દિનેશભાઈ પટણી (રહે. પાલનપુર), નાસીરખાન સાહિબખાન સિંધી(રહે. પાલનપુર), અમજદખાન મોહમદખાન બલોચ (રહે. પાલનપુર), ચતુરભાઈ લાઘુભાઈ રાવળ (રહે. પાલનપુર)

સુનાવણી ટળી... ● અનુસંધાન પહેલાનું ચાલુ

સંપત્તિના અધિકારથી કલમ ૩૫એના આધાર પર વંચિત રાખવામાં આવે છે. આને બંધારણણાં અલગથી ઉમેરીને આને લઈને પણ વિરોધ કરવામાં આવે છે. ઓમર અબ્દુલ્લાની નેશનલ કોન્ફરન્સ અને મહેબુબા મુફ્તીની પીડીપી, સીપીએમ અને રાજ્ય કોંગ્રેસે પણ આ કલમના સમર્થનમાં દેખાવો કર્યા છે. આને જાળવી રાખવાની માંગ પણ કરવામાં આવી રહી છે. બીજી બાજુ ભાજપ આ કલમને દૂર કરવાને લઈને ખુલ્લી ચર્ચા ઈચ્છે છે. પાર્ટીના નેતાઓ માને છે કે, આ કલમ રાજ્યના હિતમાં બિલકુલ નથી. ૧૯૫૬માં જમ્મુ કાશ્મીરમાં બંધારણની રચના કરવામાં આવી હતી અને તેમાં સ્થાયી નાગરકિતાની પરિભાષા નક્કી કરવામાં આવી હતી. આ ધારણ મુજબ સ્થાનિક નાગરિક એજ વ્યક્તિ છે જે ૧૪મી મે ૧૯૫૪ના દિવસે રાજ્યના નાગરિક રહ્યા છે અને કાયદાકીય રીતે સંપત્તિના અધિગ્રહણમાં રહ્યા છે. આ ઉપરાંત કોઈ વ્યક્તિ ૧૦ વર્ષથી રાજ્યમાં રહે છે અથવા તો પહેલી માર્ચ ૧૯૪૭ બાદ રાજ્યથી માઈગ્રેટ થઈને આજના પાકિસ્તાન સરહદની અંદર જતાં રહ્યા છે પરંતુ પ્રદેશમાં ફરી રિસેટલમેન્ટ પરમિટની સાથે આવ્યા છે તો તેમને તક મળે છે. આ તમામ જટિલ બાબતો આની સાથે જોડાયેલી છે. ૩૫-એ કલમ રાજ્યને વિશેષ અધિકાર ઉપલબ્ધ કરાવે છે. આને લઈને વિરોધ કરનાર અને સમર્થન કરનાર લોકો આમને સામને આવી ગયા છે. રાજ્ય સરકાર દ્વારા સુપ્રિમ કોર્ટના રજીસ્ટ્રાર સમક્ષ એક અરજી દાખલ કરીને માહિતી આપવામાં આવી છે કે આગામી પંચાયત અને શહેરી સ્થાનિક સંસ્થાઓની ચૂંટણી તથા મ્યુનિસિપલ ચૂંટણી માટે તૈયારીઓ ચાલી રહી છે.

માર્ગ મોકળો... ● અનુસંધાન પહેલાનું ચાલુ

કરવામાં આવી રહ્યા છે. મેહુલ ચોક્સીએ એન્ટીગુવાની નાગરિકતા હાસલ કરેલી છે. ભારતીય વિદેશ મંત્રાલય તરફથી આ સંદર્ભમાં એક જાહેરનામું પણ જારી કરવામાં આવી ચુક્યું છે. ભારત સરકારે કહ્યું છે કે, પત્યાર્પણ સંધિ ૧૯૬૨ની જોગવાઈ એન્ટીગુઆ એન્ડ બરબુડા ઉપર પણ લાગૂ થશે. આ પહેલા એન્ટીગુવાએ કહ્યું હતું કે, બંને દેશ રાષ્ટ્રમંડળના દેશ હોવાથી તેમની વચ્ચે પ્રત્યાર્પણ સમજૂતિ થઈ શકે છે. હજુ સુધી પ્રત્યાર્પણ સમજૂતિ ન હતી. હાલમાં જ એન્ટીગુઆ સરકારે કહ્યું હતું કે, ભારત તરફથી પોલીસ મંજુરી મળી ગયા બાદ ફરાર અપરાધીને નાગરિકતા આપવામાં આવી હતી. એન્ટીગુઆ સરકારની સિટિઝનશીપ બાય ઈન્વેસ્ટમેન્ટ યુનિટ દ્વારા નિવેદનમાં કહેવામાં આવ્યું હતું કે, તેને મે ૨૦૧૭માં મેહુલ ચોક્સી તરફથી આવેદન મળ્યું હતું. આવેદનમાં ચોક્સીએ તમામ જરૂરી દસ્તાવેજો જમા કરાવ્યા હતા. જરૂરી નિયમો પાળવામાં આવ્યા હતા. મુંબઈ પોલીસનું કહેવું છે કે, ૨૩મી ફેબ્રુઆરી ૨૦૧૭ના દિવે ચોક્સીએ પોલીસ ક્લિયરન્સ સર્ટિફિકેટ માટે મુંબઈ આરપીઓમાં અરજી કરી હતી. ૧૦મી માર્ચ ૨૦૧૭ના દિવસે માલાબાર હિલ પોલીસ સ્ટેશન તરફથી ક્લિયરન્સ સર્ટિફિકેટ જારી કરવામાં આવ્યું હતું.

પ્રદૂષિત શહેર... ● અનુસંધાન પહેલાનું ચાલુ

ખરાબ હાલત ગુડગાવની રહી છે. અહીં એર ક્વાલિટી ઈન્ડેક્સ ૩૨૧ આંકવામાં આવ્યા બાદ નિષ્ણાંતો પણ ચિંતાતુર દેખાઈ રહ્યા છે. ઈન્ડેક્સ ૩૨૧ ખુબ ખરાબ શ્રેણીમાં આવે છે. દિલ્હી-એનસીઆરના અન્ય પ્રમુખ શહેરો દિલ્હી, ફરીદાબાદ, ગાજિયાબાદ, નોઈડા અને ગ્રેટર નોઈડામાં પણ ગુણવત્તા ખરાબ રહી છે. એકબાજુ અધિકારીઓ ગુડગાવમાં પવન સૌથી પ્રદુષિત હોવા માટે અરબી પ્રાયદ્વિપથી ઉઠેલા ડસ્ટ સ્ટોર્મને જવાબદાર ગણી રહ્યા છે. બીજી બાજુ પર્યાવરણવાદીઓ દ્વારા જવાબદાર એજન્સી પર આક્ષેપો કર્યા છે. હજુ સુધી ગ્રેડેડ રિસ્પોન્સ એક્શન પ્લાનને અમલી ન કરવાનો આક્ષેપ મુકવામાં આવ્યો છે. હરિયાણા સ્ટેટ પોલ્યુશન કન્ટ્રોલ બોર્ડના એક અધિકારીએ કહ્યુ છે કે અરબી પ્રાયદ્વિપમાં ઉઠેલા ડસ્ટના સ્ટોર્મના કારણે હાલત કફોડી બની છે. આ સ્ટોર્મના કારણે હવામાં ધુળના રજકણ વધી ગયા છે. ડસ્ટ સ્ટોર્મ ૨૭મી જુલાઈના દિવસે શરૂ થયા બાદ કેટલાક દિવસ બાદ અરબી સાગરમાં પ્રવેશ કરી ગયુ હતુ. તોફાન હવે ધુળના કણના સ્વરૂપમાં પશ્ચિમ ભારત અને દિલ્હી-એનસીઆરમાં છે. સીપીસીબીના એય.ર લેબ ડિવીઝનના પૂર્વ પ્રમુખ દિપાકર સાહાએ કહ્યુ હતુ કે ગુડગાવ સૌથી પ્રદુષિત વિસ્તાર તરીકે છે. કારણ કે તે દિલ્હીના પશ્ચિમમાં સ્થિત છે.

ઉપસભાપતિ... ● અનુસંધાન પહેલાનું ચાલુ

સૂત્રોના જણાવ્યા પ્રમાણે સ્ઝ સાંસદ સુખેન્દ્ર રોયના નામ પર મહોર લાગી શકે છે. અધ્યક્ષના પેનલના સદસ્યના રૂપમાં એમની પાસે અનુભવ છે. TMC ઉમેદવાર વિપક્ષ તરફથી આવે તો BJD તેને સમર્થન આપી શકે છે. BJD કોંગ્રેસના ઉમેદવારની સાથે આવવા નથી માગતી પરંતુ બિનકોંગ્રેસી ઉમેદવારને સમર્થન આપવાનો વિચાર કરી રહી છે. એવામાં TMCની દાવેદારી વિપક્ષ તરફથી મજબુત થઈ શકે છે. BJPના નેતૃત્વવાળી NDA ગઠબંધનની પાસે રાજ્યસભામાં ૧૦૫ સાંસદ છે અને ૬ અપક્ષ સભ્યો છે જોકે બીજા સાંસદો પાસેથી આશા છે કે તે ગઠબંધનની મદદ કરશે. ત્યારે કોંગ્રેસને દક્ષિણ ભારતની બંને પાર્ટીઓ પાસેથી આશા છે.